Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પોષ

પુસ્તક ૮૪ મું
અંક ૩
૫ જાન્યુઆરી

વીર સં. ૨૪૯૪
વિ. સં. ૨૦૨૪
ઇ. સ. ૧૯૬૮

સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજી
જેમની ૨૩મી પુણ્યતિથિ
પોષ શુદ ૧૧ના રોજ ઉજવવામાં આવશે.

પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૪ મુ :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

अनुक्रमणिका

૧ શ્રી વર્દ્ધમાન મહાવીર : મણુકો બીજો-લેખાંક : ૨૭ .... (સ્વ. મૌક્તિક) ૧૩
૨ જપ અને ધ્યાન : (લેખાંક ૧૩) .... (દીપચંદ જીવણલાલ શાહ) ૧૭
૩ કર્મ સિદ્ધાન્ત અંગે પ્રશ્નાવલિઓ .... (શ્રી હીરાલાલ ર. કાપડીઆ) ૨૧
૪ ભવિષ્યવાણી .... (શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી) ૨૩

પૂજા ભણાવવામાં આવશે.

સ્વ. કુંવરજીભાઈ આણંદજીની ત્રેવીસમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને ગુરૂવારના સવારના દશ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવશે તો સભાસદ બંધુઓ પધારશો.

સ મા લો ચ ના

(૧) શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દિ સ્મારક ગ્રંથ અષ્ટોત્તર શતક પ્રકરણ "અધ્યાત્મ રાજચંદ્ર"—લેખક : ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા એમ.બી.બી.એસ. મૂલ્ય રૂ. ૭-૦. પ્રકાશક : શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ. પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ. પોસ્ટ, બોરીઆ. વાયા આણંદ.

પુણ્યશ્લોક પુરુષ રાજચંદ્રનું તેમના ગુણગણ ગૌરવને અનુરૂપ ચરિત્ર સંકીર્તનરૂપ સ્મારક રચતો આ શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દિ સ્મારક ગ્રંથ-અધ્યાત્મ રાજચંદ્ર એક સો આઠ પ્રકરણમાં આલેખવામાં આવેલ છે. આ અધ્યાત્મ રાજચંદ્ર ગ્રંથ શ્રીમદ્ રાજચંદ્રના મુખ્યપણે અધ્યાત્મ ચરિત્રનું આલેખન કરે છે. અને એમની આત્મદશા વિકાસનું દર્શન કરાવે છે. અધ્યાત્મ રાજચંદ્રના મુખ્ય બે વિભાગો પાડેલ છે : (૧) પૂર્વાર્દ્ધ અને (૨) ઉત્તરાર્દ્ધ. વળી પૂર્વાર્દ્ધના ત્રણ વિભાગો પાડેલ છે. વિભાગ પહેલામાં અધ્યાત્મ જીવનની પૂર્વ ભૂમિકા આપેલ છે.

વિભાગ બીજા અને ત્રીજામાં અધ્યાત્મ જીવનનો તબક્કો આપેલ છે. ઉત્તરાર્દ્ધના પણ ત્રણ વિભાગો પાડેલ છે તેમાં અધ્યાત્મ જીવનનો બીજો તબક્કો બે ભાગોમાં આપેલ છે અને ત્રીજા વિભાગમાં અધ્યાત્મ જીવનનો ત્રીજો તબક્કો આપેલ છે.

આ વિશ્વની વિરલ વિભૂતિએ પોતાના ચરિત્રથી અને કવનથી જગતને જે આત્મવૈભવનું દાન કર્યું છે તે અનુપમ છે. આ ગ્રંથ વાંચવા, વિચારવા અને મનન કરવા યોગ્ય છે.

શ્રી રાજ હૃદય પ્રવેશિકા અથવા માર્ગોપદેશિકા—સંપાદક : શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ. કિંમત રૂ. ૧-૦૦. પ્રાપ્તિસ્થાન : રાજકમલ જ્વેલર્સ, ખંભાત.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩જા ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું અંક ૩	પોષ	વીર સં. ૨૪૯૪ વિક્રમ સં. ૨૦૨૪

શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૨૮

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

પ્રકરણ ૨૨ મું

વીરનો ગૃહસ્થાશ્રમ : (૮)

મહાવીર ખાવા-પીવામાં બહુ મર્યાદિત હતા. આજે કેટલી વસ્તુ ખાવી છે, કેટલી લીલોતરી ખાવી છે તેનો નિર્ણય પોતે સવારે જ કરી લેતા અને તેના સંબંધમાં કોઈનો મત જાણવાનો વિચાર પણ કરતા નહોતા. તેઓનો નિયમ સાતમા વ્રતને અંગે ધારતા અને જે નિયમ એકલા સ્વતઃ ધારતા તેને મક્કમપણે વળગી રહેતા, એટલે રસોઈ તૈયાર કરનાર આજે શું રસોઈ બનાવવી છે તેનીજ વાત પૂછતો, પણ આજે શી રસોઇ બનાવવી છે અથવા ફલાણી રસોઇ બનાવશું કે કેમ? એવો સવાલ જ કદી પૂછતા નહિ. કારણકે તે વસ્તુ આજે ખાવાની છે તેનો નિર્ણય તો વર્દ્ધમાનકુમારે સવારથી જ કરેલો હોય અને રસોઈ તૈયાર કરનાર જે ચીજ બનાવવાનું ધારે કે સૂચવે તે ચીજનો મહાવીરે તે દિવસે ત્યાગ કર્યો હોય તે બનવાજોગ હોય, તેથી સૂચના કોઈપણ પ્રકારની કરવાની રસોઈયાને ધૃષ્ટતા જ કરવાની કે સવાલ-જવાબ કરવાની જરૂરીઆત પડતી જ નહિ.

અને આ નિયમો આગળથી ધારી રાખવાથી અને સાંજે તે સંક્ષેપવાથી પોતાની જાત ઉપર સ્થૂળ ત્યાગ બરાબર આવી જાય છે. દેખીતા એ સામાન્ય લાગતા નિયમો પરિણામે ઘણો લાભ કરનાર નીવડે છે અને ભવિષ્યમાં જે સર્વ સંગનો મહાત્યાગ કરવાનો છે તે આગલી ભૂમિકા તરીકે સારૂં કામ આપે છે. એનાથી ત્યાગની ભૂમિકા બહુ સારી રીતે તૈયાર થાય છે અને તે માટે એ શિક્ષણ-ભૂમિકાનું સુંદર કામ બજાવે છે. અભ્યાસ અને વૈરાગ્ય એ ત્યાગની પૂર્વ ભૂમિકામાં બહુ સુંદર અને શિક્ષણીય ભાગ ભજવે છે અને મહાવીરે આ ભૂમિકા સિદ્ધ કરી પોતાનું ઓજસ બતાવી આપ્યું હતું અને સર્વ સંગ ત્યાગ તેઓશ્રી સહેજે કરી શકશે અને તેનો ભાગ પણ સારી રીતે ભજવશે એમ આ સ્થૂળ ત્યાગથી બતાવી આપ્યું હતું. આ નિયમો ધારવાની પદ્ધતિ એ પણ સર્વ સંગ ત્યાગને માટે શિક્ષણભૂમિકાનું કામ કરે છે અને સર્વ ગૃહસ્થને પોતાની જાત પર એકજાતનો કાબૂ આણે છે અને ઉચ્ચ નરભૂમિકા પ્રાપ્ત કરવી હોય તે સર્વ પ્રાણીએ એ ભૂમિકાનો આ રીતે અભ્યાસ તો જરૂર પાડવો ઘટે, કારણકે ગુણો બતાવી રા[illegible]ની આ જ રીતિ છે. આ ચૌદ નિયમો આ રીતે સાધુપણાની પશ્ચાત ભૂમિકા હોઈ ખાસ ઉપયોગી છે અને તેની ટેવ પાડવાની પ્રત્યેક મુમુક્ષુ ગૃહસ્થની ફરજ છે.

અને વર્દ્ધમાનકુમાર તો ખાવાની બાબતમાં પણ નિર્લેપ હતા. તે તો અત્યંત મર્યાદિત ચીજો ખાતા પીતા હતા અને ઘણીવાર તો આખા દિવસમાં ત્રણ કે પાંચ જ વસ્તુ ખાવાની ધારતા હતા, આથી રસોઇનું કામ ઘણું મર્યાદિત થઈ જતું હતું. પ્રાણીઓ અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફરસાણો ખાય છે અને સ્વાદ કરે છે, પાર વગરના અથાણાઓ તૈયાર કરાવે છે અને પેટમાં આખો વખત ખાવાનું કામ ચલાવ્યા જ કરે છે તે સર્વથી વર્ધમાનકુમાર દૂર જ રહ્યા. એમને કોઇ વાતનો શોખ નહોતો અને ખાવાની બાબતને કદી મહત્ત્વ આપતા નહિ અને તે વાત જરૂરી છે એમ માનતા પણ નહીં. આથી સંયમી જીવન તેઓએ પ્રથમથી જ વિકસ્વર કર્યું હતું અને સિદ્ધાર્થ રાજા અને નંદિવર્ધન જુદે જુદે રસોડે ભોજન લેતા હોવાથી અને વર્ધમાનનો દેહ તંદુરસ્ત હોવાથી આ સંબંધમાં ચર્ચા કરવાનો પણ કદી પ્રસંગ પડતો નહિ. તેઓ સંયુક્ત કુટુંબમાં માનતા અને બધું સંયુક્ત જ રહેતું. પિતાથી કે મોટા ભાઇથી જુદા થવાનો વર્ધમાને કદી સંકલ્પ પણ કર્યો નહોતો, પણ રસોડાં તો સર્વના જુદા હતા. તેઓ માનતા હતા કે જુદા થવાની કે સંયુક્ત કુટુંબને તોડવાની જરૂર નથી, પણ પોતપોતાની સગવડ પ્રમાણે રસોઈ જુદી બનાવી સંયુક્તતા નભાવવા લાયક હતી.

અને આ વિચાર આ સ્વાતંત્ર્યના નવયુગમાં પણ વિચારવા લાયક છે. બનતા સુધી તો સંયુક્ત ભાવના માનનારે સાથે જમવું, એક રસોડે જમવુ એ વધારે સુયોગ્ય છે, પણ અનેક કામ ધંધાને અંગે એ અનુકૂળ ન હોય તો રસોડા જુદા રાખી સંયુક્તતા જાળવી રાખવી એ યોગ્ય છે. મિલ્કત સંયુક્ત રહે અને છતાં રસોડાં જુદા થાય અને સંયુક્ત કુટુંબના દરેક સભ્યની ખાસિયત પ્રમાણે અંગત સગવડ જળવાય એ રીતિને અંગે મધ્યમ માર્ગ આદરી જરૂરી વખતે બીજા સંયુક્ત સભ્યોની ચાહ અને મદદ મેળવવા એ બની શકે તેવું છે, અને રસોડાં જુદા થવાથી અનેક સભ્યોની પોતપોતાની સગવડ જળવાય છે, પણ અત્યારે સંયુક્તતાને તોડી નાખવાનો જે પવન ફેલાયેલો છે તે યોગ્ય નથી. સુખ દુ:ખમાં ભાગ લેનાર ભાઈ કે વડીલ વર્ગ ખાસ કરીને માતા પિતાની મદદ મેળવવી તે બધી રીતે હિતકારક છે અને સંયુક્ત કુટુંબની એ ભાવના નભાવવા જેવી છે. કમનસીબે રાજ્યના કાયદા સ્વાતંત્ર્યવાદને મદદ કરે તેવા થતા જાય છે, તે સંયુક્ત ભાવને તોડનાર હોઈ અંતે સંયુક્ત ભાવને વિનાશક છે સંયુક્ત કુટુંબમાં તો ઓછી શક્તિ કે આવડતવાળા પણ પોષાય છે, પણ એ ભાવના આ આવકના ઘણા ફેરફારના યુગમાં ચાલુ રહેવી એ ભારે વિકટ કામ છે. છતાં પણ વિચાર કરીને યોગ્ય રીતે આ સંયુક્ત ભાવનાને નિભાવવી જોઇએ અને તેને પ્રચાર આપવો જોઇએ એ જરૂરી લાગે છે. વર્ધમાનકુમારે તો એ ભાવના આજીવન નભાવી. તે કદી માતાપિતા કે વડીલ બંધુ નંદિવર્ધનથી જુદા થયા જ નહિ, એટલું જ નહિ સંયુક્તભાવની પોષણાને તેમણે જરૂરી-આત માની તે બન્ને ભાઇઓ વચ્ચેના સ્નેહને અંગે આગામી પ્રકરણમાં જોઈશું. સંયુક્તભાવને અંગે વર્ધમાનના આવા વિચારો અને વર્તના હતી, પણ જૂના જમાનાના સર્વનો આવો જ વિચાર અને વર્તન હોય છે તે જાણી હવે આપણે વર્ધમાનના ગૃહસ્થ જીવનના બીજા પ્રસંગો જોઇએ.

વર્ધમાનકુમારે રાજકાજ તો કર્યું, પણ નકામી વાતો ન કરી, વાતો ચાર પ્રકારની છે: રાજકથા, દેશકથા, ભોજનકથા અને સ્ત્રીકથા. રાજ્યમાં આવી ઊથલપાથલ થવાની છે, પડખેનો રાજા ચઢી આવવાનો છે, કોઈ લશ્કરી સરદારે મોટો બળવો કર્યો છે અથવા ફલાણો માણસ દિવાન પદે ચઢવાનો છે, આવી આવી રાજ સંબંધી વાતો કરવી અથવા રાજા કાચા કાનનો છે કે મતુ (સહી) મારનાર છે, રાણી કે ગોલાનો વશ છે એવી એવી વાતો કરવી તે સર્વનો રાજકથામાં સમાવેશ થાય છે. અમુક દેશનો રાજા ચઢી આવવાનો છે, બીજા દેશમાં અમુક ઊથલપાથલ થવાની છે એવી એવી નકામી નિરર્થક વાતો કરવી તે સર્વ દેશકથા કહેવાય છે. આ કાળમાં દેશમાં બનતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બનાવોની વાત કરવા અથવા અખબારમાં વાંચેલા બનાવોની વાતો કરવી તેવી સર્વ-કથાઓ કે ઉલ્લેખો દેશકથા કહેવાય છે અને ભોજન સંબંધી કથા કરવી, અમારા વડીલોએ તો ત્રણ ધારા ઘીના જમણ આપ્યાં હતાં કે દેશ તેડાં કર્યાં હતાં એવી અથવા આજે રસોઈ કેવી બની છે કે બનાવવી છે તે સંબંધી વાતો કરી વિગતો બીજાને જણાવવી તે સર્વ ભોજન કથા અથવા મુક્ત કથામાં આવે છે અને કોઈ સ્ત્રીને છપ્પરપગી કહેવી, કોઇને મૃગનયની કહેવી. કોઈ સારાં પગલાની છે એવી એવી વાતો કરવી અથવા તેના ચાલચલગતના વખાણ કરવા કે કવખોડવી એ સર્વને સ્ત્રી-કથા કહેવામાં આવે છે. મહાવીરસ્વામીએ-વર્ધમાનકુમારે તો આ ચારે પ્રકારની વાતો કદી કરી જ નહિ. એ તો દુનિયા એમને એમ ચાલી રહી છે એમ માનતા હતા અને તેમને મિત્રો ન હોવાથી આ કથા કરવાનો પ્રસંગ પણ આવતો નહોતો. તેઓ તો સર્વસંગ ક્યારે થાય અને માત પિતા ક્યારે દૂર થાય તે વિચારમાં જ હતા, તેથી વાતો કદી કરતા જ નહિ અને આ ચારે પ્રકારની કથા કરવાનો તેમને પ્રસંગ જ પડતો નહિ. નકામા ગપ્પા-સપ્પા મારવા તે તેમની રીત હતી જ નહિ અને તેથી તેમણે આવી અનર્થકારી કથાઓ પોતાના જીવનમાં કોઇ પણ પ્રસંગે કરી નહિ. તેમનું સ્થાન પણ એવું હતું કે તેઓને આવી વાતો કરવાનો સમય મળતો જ નહિ અને કદી રાત્રે કે તહેવારને દિવસે સમય મળે તો તે સમયનો ઉપયોગ સામાયકમાં કરતા, પણ નકામી અર્થ વગરની વાતો કરવામાં તેઓ પોતાની શક્તિ કદી વાપરતા જ નહિ. આવા મિતભાષીને પણ લોકો એવી વાત કરાવવા આવતા નહિ અને તે કારણે તેમણે ચાર વિકથા કરવાનો પ્રસંગ હાથમાં પણ લીધો નહીં અને આ રીતે તેઓ અનર્થદંડમાંથી બચી ગયા. લોકો એટલા રસથી વાતો કરે છે અને લાડવામાં કેટલું ઘી નાખવું કે આજ મોહનથાળ બનાવવો કે જલેબી કરવી વગેરે વાતો એટલા રસથી કરે છે કે કાંઈ વાત નહિ, પણ વર્ધમાનકુમારે એવી ગપ્પા સપ્પાની વાતો કદી કરી જ નહિ અને તેમની પાસે તે સંબંધી વિકથા કરનારનું વર્તુળ કદી જામ્યું જ નહિ.

વર્ધમાનકુમાર તો સીધે રસ્તે શીઘ્રયાનમાં ઓફિસે જાય, ત્યાં અનેક તુમારો પડેલા હોય તેનો નિકાલ કરે અને અનેકની અરજી સાંભળી તેનો નિકાલ કરે અને રાજ્યમાં કોઇ જગાએ શાંતિનો ભંગ થયો નથી કે થવાનો નથી એ જુએ અને રાત્રે કે દિવસે સમય મળે ત્યારે સામાયક કરે અને એકંદરે શાંતજીવન ગાળે.

તેઓ પ્રિયદર્શના સાથે પણ મર્યાદાની અંદર વાતો કરતા. તેમાં પણ ઉત્કર્ષ વધે તેવી વાતો કરતા હોય. મૂર્ખ પ્રેમલા પ્રેમલીના જેવી અર્થ વગરની વાતો કદી ન હોય. રાજવૈભવી પ્રિયદર્શનાને વસ્તુની તો ખેંચ હતી જ નહિ અને તેને જે જોઇએ તે લાવી આપવાનો સ્થાયી હુકમ કરી રાખ્યો હતો; તેથી તેમને એ સબંધી તો વાતો કરવાનો કોઇ પ્રસંગ જ આવતો ન હતો અને જ્યારે તેઓ મળતા ત્યારે આનંદ-ઉત્સાહની અને ઉત્તેજનની વાતો જ કરતા. સ્ત્રી-પુરૂષને વસ્તુઓને અંગે અનેક જાતના વાંધા પડી જાય છે. પણ વર્દ્ધમાનકુમારમાં રાજતેજ હોઇ, તેઓ આવા પ્રસંગથી દૂર જ રહેતા અને પ્રસંગ આવી પડે તો તેમાં ભાગ ન લેતા અથવા મૌન રહેતા હતા.

આ મૌન રહેવાની તેમની પદ્ધતિ ખૂબ વિચારવા અને અનુકરણ કરવા યોગ્ય છે. વ્યવહારમાં માણુચ બોલીને બહુ બગાડે છે, પોતાને લાગતું વળગતું પણ ન હોય, જેમાં પોતાનો સ્વાર્થ કોઈ પ્રકારનો સધાતો ન હોય ત્યાં પણ માણસ બોલબોલ કરે છે અને બોલ-વાની પોતાની શક્તિનો દુરૂપયોગ કરે છે. જે વસ્તુ કે જે વાત અથવા પુરૂષથીય પોતાને કાંઈ લાગતું વળગતું ન હોય તેમાં માથાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારે છે અને સમજીને કે સમજ્યા વગર વાતને ડોળી નાખે છે. આને બદલે પોતાને કે રાજ્યને લાગે વળગે તેવું ન હોય તેવી વાત સાંભળવી જ નહિ, સમજવાનો પ્રયત્ન જ ન કરવો અને બનતા સુધી કાંઇ પણ બોલવું નહિ અને મૌનધારી રહેવું એ શક્તિમાં વધારો કરે છે અને પ્રાણીનું પોતાનું મૂલ્ય વધારે છે, અને નહીં બોલવાથી માણસ માણસગંધો કે મિજાજી છે એવું એને માટે ધારવામાં આવતું નથી, પણ તે સંયમી છે અને વિચારક છે તેમ ધરાય છે. વર્દ્ધમાનનો સંયમ લગભગ સર્વ બાબતમાં હતો, તેઓ પોતાની સ્રીના સંબંધી વાતો કદી કરતા જ નહિ, પણ બીજી કોઈ પણ બાબતમાં વગર વિચાર્યું કદી વિના કારણ બોલતા જ નહિ અને તેમનો વાણી સંયમ તો દાખલારૂપ થઇ પડ્યો હતો. તેઓ સમાજમાં ભાગ લેવા જતા જ નહિ, જ્યાં નિરર્થક વાતો તેમાં ભાગ લેવા જતા નહિ અને પોતાને માથે બે વડિલો (પિતા અને મોટાભાઇ) હોઈ તેમની હાજરીની જરૂર પણ પડતી નહિ. આ પરિસ્થિતિને લઇને તેમનો ભાષાસંયમ અજબ પ્રકારનો હતો, પણ તેટલો જ અનુકરણીય હતો. તેઓ ભાષાસંયમ રાખતા હતા તેથી તેઓના સંબંધમાં ટીકા કરવાનું કે સારૂં ખરાબ બોલવાનું લોકોને પણ કારણ મળતું જ નહિ અને ખાસ કરીને પોતાની સ્ત્રી સંબંધી વાતનો તેઓ કદી ઉચ્ચારતા જ નહિ. તેમનો અને પ્રિયદર્શનાનો સંબંધ કેવો છે તેની તો તેઓ કોઇ અન્ય પાસે કદી વાત જ કરતા નહિ અને પોતાની જે સ્થિતિ હોય, જે સંબંધ હોય તે મનમાં જ સમજતા, અન્ય સ્ત્રીઓ સંબંધમાં તો તેમણે કદી વાત કે ઉચ્ચાર કર્યો જ નહિ અને આ તેમનો ભાષાસંયમ બહુ જ વખણાતો. તેઓ તો જ્યારે કાંઇ આત્મિક વિચારણા ચાલતી હોય કે ચર્ચા ચાલતી હોય તેમાં ઝૂકી પડતા અને તેવી વાતમાં ખૂબ રસ લેતા અને પોતાને તેવી બાબતમાં રસ છે તે બતાવતા. તેમની આવી વલણને લીધે તેઓ નાની વયથી નાના સંત તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.

વર્ધમાનકુમારે જમણ પછી તે જ્ઞાતિનુ હોય કે સંઘનું હોય તેમાં જમવા માટે કદી જતા જ નહિ અને આ તેમના વલણને લઇને તૈયાર થયેલી રસોઈ સારી હતી કે ખરાબ, મોળી હતી કે વધારે મીઠી હતી એવી એવી વાતો કદી કરવાની ટેવ જ પડતી નહિ અને સંઘના જમણમાં પણ ન જવાની તેમની વલણ પર કદાચિત ટીકા થતી, પણ તે સકારણ હોઈ તે ટીકા તેઓ સહન કરી લેતા. તેઓ સંઘજમણ કે સંઘસેવાથી વિરૂદ્ધ ન હતા, પણ જમણમાં ભાગ લેવાથી તેના ગુણ દોષ પર જરૂર ભાગ લેવાય અને થોડા ઘણામાં પણ તેમાં પોતાની જાતને સંડોવાય એ તેમને પસંદ નહોતું. તેઓ કાં તો ઓફિસના રાજકાજમાં રસ લેતા હોય અથવા તો સામાયિક લઈ બેસી ગયા હોય અને ગૃહસ્થ હોવા છતાં શ્રમણભાવની પોતાની ભાવના તૃપ્ત કરવા જાણે આતુર હોય તેમ તેવાં કાર્યમાં રસ લઈ રહ્યા હતા અને પોતાના કામ સિવાય કદી રાજકથા કે દેશકથામાં પણ રસ લેતા નહીં, પણ આત્મિક વિચારણા ચાલતી હોય તો તેમાં રસપૂર્વક ભાગ લેતા અને આવી નાની વયમાં તેઓની સાંસારિક વાતોથી વિરાગતા જોઈ ભારે આશ્ચર્ય થતું. તેમને પણ ભાષા સંયમનો ગહિમા સમજાવતા પ્રાણી વિના કારણ બોલબોલ કરી પોતાની શક્તિ વેડફી નાખે છે તે શક્તિનો સંગ્રહ કરવો જોઇએ અને શક્તિનો સદુપયોગ કરી સારાં કામમાં તે વાપરવી જોઇએ. અને મહાવીરનો પરોપકાર જોયો હોય તો આશ્ચર્ય થાય. પારકાનું કામ કરી આપવું, પારકા માટે પોતાના લાભનું બલીદાન આપવું અને રાત્રે બાર વાગે કે બે વાગે પણ ઉજાગરો કરી પારકું કાર્ય સાધી આપવું એ પોતાની ફરજ છે એમ તેઓ માનતા અને વર્તતા હતા. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જપ અને ધ્યાન (૧૩)

લેખક : દીપચંદ જીવણલાલ શાહ

જપ કે ધ્યાન કરનારે તપ કરવો જોઇએ. ધર્મનો સાર તપ અને જપ છે જે જીવનમાં તપ નહિ અને જપ નહિ તે જીવન ફોગટ છે. તપથી જીવન પવિત્ર થાય છે અને જપથી બળવાન બને છે. શરીરથી તપ કરો અને મનથી જપ કરો. તપ અને જપથી જીવન પવિત્ર અને શુદ્ધ બનશે. આત્મા અનંતકાળથી માયા, વાસના અને કર્મના સંજોગોથી મલિન થઈ ગયેલ છે તેથી તેને પવિત્ર અને શુદ્ધ કરવાનું દરેક મનુષ્યનું કર્તવ્ય છે. આત્માની શુદ્ધિનો આધાર તપ અને જપ છે. તપનો અર્થ છે પોતે પોતાને તપાવવું અને જપનો અર્થ છે પોતે પોતાને પીછાણવું. જેમ શરીર પાણી અને સાબુથી શુદ્ધ થાય છે તેમ આત્મા તપરૂપી પાણી અને જપરૂપી સાબુથી શુદ્ધ થાય છે; માટે જીવનમાં તપ અને જપની જરૂર છે.

તપશ્ચર્યા એ કર્મ બાળવાની ભઠ્ઠી છે. પૂર્વાધ્યાસો અને પૂર્વકર્મોના વેગને દબાવવાનો કે પૂર્વ સંસ્કારોની શુદ્ધિ કરવાનો તપશ્ચર્યા માત્ર એક જ ઉપાય છે. આધ્યાત્મિક દર્દો મટાડવાનું તપશ્ચર્યા એક રસાયણ છે.

બાહ્ય દેખાતી ઇંદ્રિયોને અને દેહને દમનની તપશ્ચર્યા આવશ્યક છે પણ તેની આવશ્યકતા આંતર શુદ્ધિ અને આંતર વિકાસની અપેક્ષાએ છે. બાહ્ય તપશ્ચર્યાથી ચિંતન, ચિત્તશુદ્ધિ અને ધ્યાનને ટેકો મળે છે અને આત્મસ્વરૂપ સમજવાની તક મળે છે.

તપશ્ચર્યાથી કાયા કરમાય છે એ ભ્રમ છે. તપશ્ચર્યા નૈસર્ગિક ઔષધ છે. શરીર, મન અને આત્મા એ ત્રણેને તંદુરસ્ત કરનારી જડીબુટી તપશ્ચર્યા છે. વૈરાગ્યવૃત્તિ અને અભ્યાસથી તપશ્ચર્યા સુસાધ્ય બને છે. જ્ઞાની સાધકની તપશ્ચર્યા અહંતાની વૃદ્ધિ માટે, ગૌરવ માટે, મહત્ત્વાકાંક્ષા માટે અથવા લોકપૂજા કે લોક પ્રતિષ્ઠા માટે થતી નથી; તેથી તેવી તપશ્ચર્યા આદર્શ તપશ્ચર્યા ગણાય છે. તપશ્ચર્યામાં જ્ઞાન સાથે ધ્યાનનું સ્થાન આવશ્યક છે. ઇંદ્રિયો, મન, વાણી ને સત્ય પર એકાગ્ર કરી રાખવાની અદ્ભુત શક્તિ ધ્યાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. તપના મુખ્ય બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદ છે અને તેના પેટા વિભાગો મળી બાર ભેદ છે.

તપશ્ચર્યાના બે પ્રકાર છે (૧) આંતરિક (૨) બાહ્ય.

બાહ્ય તપશ્ચર્યા ખાસ કરીને અપ્રમત્ત રહેવા માટે છે. જ્યારે શરીર અપ્રમત્ત અને સંયમી બને છે ત્યારે આત્મ જિજ્ઞાસા જાગે છે અને ચિંતન, મનન, યોગાભ્યાસ, જપ, ધ્યાન વગેરે આત્મસાધનાનાં અંગોમાં પ્રવૃત્ત થાય છે. બાહ્ય તપશ્ચર્યા છ પ્રકારની છે. (૧) અણસણ (૨) ઉણોદરી (૩) વૃત્તિ સંક્ષેપ (૪) રસપરિત્યાગ (૫) કાય કલેશ (દેહદમનની ક્રિયા) અને (૬) સંલીનતા.

આંતરિક તપશ્ચર્યા છ પ્રકારની છે. (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (સેવા) (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ (દેહાધ્યાસનો ત્યાગ).

(૧) અણશણ—કાળ મર્યાદિત એટલે એક ઉપવાસ કે અધિક દિન પર્યંત ઉપવાસ અને બીજુ મરણ પર્યંત એમ અણશણ બે પ્રકારના છે.

(૨) ઉણોદરી—જેટલો આહાર હોય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૈકી અલ્પમાં અલ્પ એક કવલ (કોળીયો) ઓછો લેવો.

(૩) વૃત્તિ સંક્ષેપ—જીવનની જરૂરીઆતો ઘટાડવી (ઓછામાં ઓછી કરી નાંખવી).

(૪) રસ ત્યાગ—દૂધ, દહીં, ઘી, તેલ વગેરે રસોનો ત્યાગ.

(૫) કાય ક્લેશ—આસન કાયાને અપ્રમત્ત રાખે છે તેથી અમુક આસન રાખીને બેસવું તે કાય ક્લેશ કહેવાય છે.

(૬) સંલીનતા—એકાંત કે જ્યાં સ્વાધ્યાય ધ્યાનની અનુકૂળતા મળે તેવા સ્થાનમાં આસનનું સેવન કરવું તે સંલીનતા.

અભ્યંતર તપ

(૧) પ્રાયાશ્ચિત—થયેલા પાપનું પ્રાયશ્ચિત લેવું.

(૨) વિનય—ગુરૂનો વિનય કરવો.

(૩) વૈયાવચ્ચ—ગુરુની સેવા કરવી.

(૪) સ્વાધ્યાય—(૧) વાચના લેવી (૨) પ્રશ્નો પૂછવા. (૩) વારંવાર શાસ્ત્રનું અધ્યયન કરવું. (૪) સૂત્રાદિના અર્થ અને રહસ્ય ચિંતવવા. (૫) ધર્મકથા કરવી.

(૫) ધ્યાન—સાધકે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ત્યજીને ધર્મધ્યાનનું ચિંતવન કરવું.

(૬) કાયોત્સર્ગ—કાયાનો ત્યાગ કરવો.

તપશ્ચર્યા એ આત્મદર્દોને નિવારવાનું અજોડ ઔષધ છે.

શરીરને નિરોગી રાખવા માટે તપની જરૂર છે.

સૂર્યમાંથી આવતા અનેક વિધ કિરણો મારફત આપણે નવજીવન મેળવીએ છીએ. તેથી સૂર્ય પર આપણા આરોગ્યનો આધાર છે; માટે ચોમાસામાં ખાસ કરીને વ્રત–ઉપવાસ કરવાની જરૂર છે.

માણસની માંદગીના ભયસ્થાનોમાં અગિયારસથી પૂનમ સુધી અને અગિયારસથી અમાસ સુધીના દિવસોને ગણવામાં આવે છે. સામાન્ય રીતે આ દિવસો દર્દી માટે ભારે ગણવામાં આવે છે. જેમ સૂર્ય અને ચંદ્રને લીધે પૂનમ અને અમાસને દિવસે ભરતી ઓટ થાય છે, તે જ પ્રમાણે આપણા શરીરમાં રોગોત્પાદકૃત તત્ત્વો આ દિવસોમાં વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

રોગોનું કારણ મળ દોષ કે આમનો સંગ્રહ છે. તપ આમદોષને પકવીને દૂર કરે છે. તપથી જઠરાગ્નિ ઉદ્દીપન થાય છે અને ખોરાક લેવાની રુચિ જાગૃત થાય છે.

માણસને પોતાની નીરોગિતા માટે ત્રણ સ્થિતિની જરૂર છે.

(૧) દીપન (સારી ભૂખ લાગે), (૨) પાચન (ખાધેલો ખોરાક પચી જાય), (૩) વિરેચન (ખોરાકનો મળદોષ બહાર નીકળી જાય).

આ ત્રણે ક્રિયાઓને વ્યવસ્થિત રાખવા માટે તપ એક ઔષધ જેવું છે; માટે ઉપવાસ એ તપનું ઉત્તમ સાધન છે. ઉપવાસ કરનારે થોડી વિગતો જાણવા જેવી છે.

(૧) જે દિવસે ઉપવાસ કરવો હોય તેના આગલા દિવસે થોડું ખાવું, (૨) ઉપવાસ દરમ્યાન છૂટથી ઉનુ પાણી પીવુ, (૩) ઉપવાસ પછીના દિવસે ભારે ખોરાક (મિષ્ટાન્ન) ન લ્યો, (૪) ઉપવાસને દિવસે સંપૂર્ણ આરામ લ્યો.

પંદર દિવસે એક ઉપવાસ કરવાથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વસ્થતા અને શાંતિ મનુષ્ય મેળવી શકે છે.

જપ કરનારે નીચેની બાબતો પર વિચાર કરવાની જરૂર છે. શું ખાવું ? કેમ ખાવું ? કેટલું ખાવું ? કયારે ખાવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ યંત્રને કોલસો, ખનીજ તેલ અને પાણીની જરૂર છે તેમ મનુષ્યને પણ જુદા જુદા પ્રકારના ખોરાક–કાર્બોહાઇડ્રેટ્સ (કાંજી) પ્રોટીન (નાઇટ્રોજનવાળા પદાર્થો), ચરબી, ક્ષારો અને પાણીની જરૂર છે.

વ્યાવહારિક અનુભવે એમ સાબિત કરેલ છે કે બે વખત ભોજન અને તેમની વચ્ચે યોગ્ય અંતર આરોગ્યને જાળવી રાખે છે. જેઓ દિવસમાં ત્રણ વખત ભોજન લે છે તેઓ જલ્દી થાકી જાય છે, એમનો મિજાજ ગુમાવી દે છે અને તેમનું કામ મંદ ગતિએ થાય છે. વળી એવા પણ મનુષ્યો છે કે જેમને ત્રણ ભોજન ઉપરાંત વચ્ચે વચ્ચે ચાહ, કોફી, બીડી, તમાકુ વગેરે મોઢામાં નાંખવાની જરૂર પડે છે. વળી કેટલાક દિવસ દરમ્યાન એક પ્યાલો અને રાત્રે સુતી વખતે બીજો પ્યાલો દૂધ પીએ છે તેમની પાચનક્રિયામાં નુકશાન થાય છે. તમે જેટલું દૂધ લેવા ઇચ્છો તે સવારે જ લ્યો. સવારમાં દૂધ પીવું એ એક સરસ ભોજન જેવું છે. દૂધ બરાબર પચે એમ જો ઇચ્છા રાખતા હો તો દૂધને ધીમે ધીમે પીઓ. બપોરના જો કાંઈ પણ લેવાની ઇચ્છા થાય તો એક કપ દૂધવાળી નરમ ચા પીઓ અથવા એક ગ્લાસ લીંબુનું સરબત લ્યો.

બે ભોજન વચ્ચે છ થી આઠ કલાકનું અંતર જરૂરી છે–અર્ધો સમય પુરેપુરા પાચન માટે અને બાકીનો અર્ધો સમય પાચક અવયવોના આરામ માટે જરૂરી છે. વચ્ચેના સમયમાં પુષ્કળ પાણી પીઓ.

સવારમાં એક ભાગ ચા અને બેથી ત્રણ ભાગ દૂધવાળો એક પ્યાલો પીઓ. એ ઉપરાંત કોઈપણ ખોરાક લ્યો નહિ. બપોરે એક ટંક ભોજન અને સાંજે બીજા ટંકનું ભોજન લ્યો. જો ખોરાક બરાબર પાચન થતો ન હોય તો સાંજનું ભોજન થોડું લ્યો અથવા દૂધ પીઓ.

અયોગ્ય ખોરાક (વધુ પડતો ખોરાક) પાચન તંત્રને હાનિ પહોંચાડે છે, તે ઉપરાંત જ્ઞાનતંતુ તંત્રને પણ હાનિ પહોંચાડે છે. આરોગ્ય માટે ઠંડુ મગજ અગત્યનું છે. ખીજાઈ જવું એવી પ્રકૃતિ આરોગ્યને નુકશાન કરે છે.

ખોરાક બરાબર ચાવવો જોઇએ કારણકે બરાબર ચવાયેલો જ ખોરાક જઠરમાં પાચનને મદદ કરે છે. કોઈપણ વસ્તુ મોઢામાં મુલાયમ લચકા જેવી ન બની જાય ત્યાં સુધી તે વસ્તુને ગળેથી નીચે ઉતારો નહિ.

મોટી ઉમ્મરના માણસો(વૃદ્ધ માણસો)એ એક વખત એટલે બપોરે જ ખોરાક લેવો જોઇએ અને સવારે, બપોરે અને સાંજે સારા દૂધવાળી નરમ ચા પીવી જોઇએ.

જેમ આહારની બાબતમાં તેમ ચા, ધુમ્રપાન અને પાન સોપારી અંગે કડક નિયમનની જરૂર છે; કારણ કે તેમના અમર્યાદ ઉપયોગે લોકોને પાયમાલ કર્યા છે.

શ્રમનો આરોગ્ય સાથે નીકટનો સંબંધ છે. સારી તંદુરસ્તી માટે શ્રમ એ એક ધર્મ છે. માનવીનાં મન અને દેહને શ્રમ જરૂરી છે. માનસિક શ્રમ કરનારાઓએ અને વૃદ્ધ પુરૂષોએ તેમના દેહને શ્રમ મળતો રહે તેમ કરવાની જરૂર છે. જો કોઇપણ શ્રમ કરવાનો ન હોય તો સવારે અને સાંજે એકાદ માઇલ ફરવું જરૂરતું છે. જેઓ કશો શ્રમ કરતા નથી અને છતાં બે વખતના ભોજન લેતા હોય છે તેઓ હંમેશાં પાચનક્રિયાની બિમારીથી પીડાય છે. વૃદ્ધ માણસોએ આવેશ (ક્રોધ) કોઈ દિવસ કરવો જોઈએ નહિ, કારણકે ક્રોધ જ્ઞાનતંતુઓને નબળા પાડે છે અને પરિણામે પાચનક્રિયા નબળી પડે છે.

કોઈપણ બિમારીમાં રોગ કરતાં મનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉશ્કેરાટ વધુ નુકશાન કરે છે. જ્યારે સ્વસ્થ મન બિમારીમાં ઝડપી સુધારો લાવે છે.

ખોરાક શા માટે પચતો નથી એનો આપણે ભાગ્યે જ વિચાર કરીએ છીએ. અમેરિકાના ખોરાકશાસ્ત્રી ડૉ. શેલ્ટને આ સંબંધમાં કેટલાક નિર્ણયો આપ્યા છે. ડૉ. શેલ્ટન કહે છે કે રોટલી એ સ્ટાર્ચ છે. આ સ્ટાર્ચ સાથે મોઢાનો લાળરસ–ટાઈલીન ભળવો જોઇએ. જો એ ટાઈલીન ભળે તો જ સ્ટાર્ચ પચવાની ક્રિયા સરળ બને છે. જો એ ન ભળેલ હોય તો તેનો તરત જ આથો આવવા માંડે છે. રોટલી–રોટલો ભાખરી–પૂરી જેવો ખોરાક પૂરો ચાવવાની પાછળ આ સમજણ રહેલી છે. મનુષ્ય એની સાથે પ્રવાહી લે છે. રોટલી દાળમાં બોળે છે અને સાથે શાક પણ લે છે. આ પુરતું ન હોય તેમ દાળ શાકમાં લિંબુની ખટાશ નાંખે છે પણ ડૉ. શેલ્ટને પ્રયોગો કરીને એમ સાબિત કર્યું છે કે ખાટો રસ મોઢાના સ્ટાર્ચ પચાવનારા ટાઈલીન નામના રસની શક્તિનો અમુક અંશે નાશ કરે છે તેથી રોટલી વગેરે સાથે ખટાશ લેવી નહિ.

આવો જ પ્રશ્ન પ્રોટીનવાળા ખોરાકના પાચનનો છે. દૂધ પ્રોટીન છે, કઠોળ પ્રોટીન છે. દૂધના પ્રોટીન સાથે લેક્ટોઝ નામની સાકર ભળેલી છે, આથી દૂધ સહેલાઇથી પચી જાય છે જ્યારે કઠોળમાં આ સાકરનું તત્ત્વ નથી તેથી કઠોળ સહેલાઇથી પચતા નથી. આયુર્વેદમાં કઠોળ સાથે દૂધ લેવાની ના પાડે છે. જો કઠોળ સાથે દૂધ લઇએ તો એલર્જી નામની વિકૃતિ પેદા થાય છે. એલર્જીનો સાદો અર્થ એ છે કે પચ્યા વિનાનું પ્રોટીન એક પ્રકારનું ઝેર ઉત્પન્ન કરે છે અને તે લોહીમાં ભળવાથી જુદા જુદા રોગો થાય છે.

ડો. શેલ્ટને ખોરાકના નીચે પ્રમાણે પ્રકારો પાડ્યા છે. (૧) પ્રોટીન, (૨) સ્ટાર્ચ, (૩) ચરબી, (૪) ખાટાં ફળો, (૫) ખાટાં–મીઠાં ફળો, (૬) મીઠા ફળો, (૭) લીલા શાકભાજી.

હવે પ્રોટીન અને સ્ટાર્ચનો વિચાર કરીએ. ખીચડી (દાળ અને ચોખા), દાળ ને રોટલી. પ્રોટીનને પચાવવા પેપ્સીન જોઇએ અને સ્ટાર્ચને પચાવવા ટાઈલીન જોઇએ. જેમ ટાઈલીન ભળ્યા વિનાનો સ્ટાર્ચ પચતો નથી તેમ પેપ્સીન વગરનું પ્રોટીન પચતું નથી. પેપ્સીન ખાટું છે તેથી દાળ રોટલી કે ખીચડી ખાઇએ તો તે બરાબર પચતા નથી. તેથી શેલ્ટન કહે છે કે પહેલાં રોટલી ખાઇ લ્યો અને પછી દાળ પીઓ પણ દાળમાં બોળીને રોટલી ન લ્યો.

હવે પ્રોટીન અને ખટાશનો વિચાર કરીએ. આપણે દાળમાં લીંબુ નીચોવીએ છીએ. કઠોળ સાથે અને ચેવડા સાથે લીંબુ કે આંબલીનો રસ લઇએ છીએ. આમ કરવું બરાબર નથી કારણકે આપણી હોજરીમાં હાઇડ્રોક્લોરીક એસિડ ઉત્પન્ન થાય છે અને પેપ્સીન હાઇડ્રોક્લોરીકની મદદથી પ્રોટીનનું પાચન કરે છે. બીજી જાતની ખટાશથી હોજરીના પાચક રસો હીનવીર્ય બની જાય છે અથવા આવતા અટકી જાય છે. વળી પ્રોટીનના પાચન માટે બહારની ખટાશ ઉપયોગી નથી. પ્રોટીન સાથે બીજી જાતની ખટાશ લેવાથી ખોરાકનો ઝડપથી આથો આવે છે અને ગેસ થાય છે અને પરિણામે આંતરડામાં ખોરાકનો સડો થવા માંડે છે. જે દર્દીને ગેસ થતો હોય તેણે ખોરાક સાથે ખટાશ લેવાનું બંધ કરવું જોઇએ. દાખલા તરીકે દહીંવડાં ખાવા જોઇએ નહિ. શીખંડ સાથે દાળ ખાવી જોઇએ નહિ. જૈનો આવા સંયોજનોને વિદળ કહે છે અને શાસ્ત્રો તે ન લેવાની ચેતવણી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મસિદ્ધાન્ત અંગેની પ્રશ્નાવલીઓ

(લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

દરેક દર્શનને પોતપોતાના સિદ્ધાન્તો હોય છે. જૈન દર્શન માટે પણ તેમજ છે. એના વિવિધ સિદ્ધાન્તોમાંનો એક તે 'કર્મ સિદ્ધાન્ત' છે. આમ હોઈ કેટલાક જૈનો તેમ જ અજૈનો પણ એ સિદ્ધાન્ત જાણવા ઉત્સુક હોય છે. તેઓ જાતજાતના પ્રશ્નો પૂછે છે. આમ પ્રશ્નોની પરંપરા સર્જાય છે. કર્મસિદ્ધાન્તના લેખકોને પણ પોતાના ગ્રંથમાં કર્મસિદ્ધાન્તના નિરૂપણાર્થે અમુક અમુક પ્રશ્નના ઉત્તરો આપવાના હોય છે. આ પરિસ્થિતિમાં કર્મસિદ્ધાન્તને અંગે કેટલીક પ્રશ્નાવલીઓ ઉદ્‌ભવી છે. અહીં હું આવી ત્રણની નોંધ લઉં છું. આ પૈકી એક મેં **કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય** નામના મારા [1]પુસ્તકમાં પૃ. ૧૭૧-૧૭૪માં આપી છે. એ દ્વારા મેં ૪૧ પ્રશ્નો રજૂ કર્યા છે. આ પૂર્વે બે મહત્ત્વની પ્રશ્નાવલીઓ યોજાઈ છે. પહેલી પ્રશ્નાવલી **કર્મવિપાક અર્થાત્ કર્મગ્રન્થ** (પ્રથમ ભાગ)ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૩૭-૩૮)માં પં. સુખલાલ સંઘવીએ આપી છે. આ પુસ્તક આજે અપ્રાપ્ય નહિ તો દુષ્પ્રાપ્ય છે એટલે એ હિન્દી લખાણનો હું ગુજરાતી અનુવાદ આ લેખમાં સાભાર આપું છું.

બીજી પ્રશ્નાવલી પંચસંગ્રહ(દ્વિતીય ખંડ)ના વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ લખેલા આમુખ(પૃ. ૨)માં છે. આ પુસ્તક પણ આજે સહેલાઈથી મળતું નથી. એટલે એ પ્રશ્નાવલી હું અહીં ઉદ્ધૃત કરું છું. એ માટે હું એમના યોજક મહાશયનું ઋણ સ્વીકારું છું.

[1] આ પુસ્તકના પૃ. ૧૧૯માં મેં એક પ્રશ્નાવલીનો ઉલ્લેખ કર્યો છે. એમાં ૧૫ પ્રશ્નોને સ્થાન અપાયું છે.

આ બંને પ્રશ્નાવલીઓ અનુક્રમે નીચે મુજબ છે.

પ્રશ્નાવલી ૧ : હિન્દી પ્રશ્નાવલીનો અનુવાદ

૧. એ બંધ કયાં કયાં કારણોથી થાય છે?

૨. આત્માની સાથે કર્મનો બંધ કેવી રીતે થાય છે?

૩. કયા કારણથી કર્મમાં કઈ જાતની શક્તિ ઉત્પન્ન થાય છે?

૪. કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે?

૫. સંસારી આત્માની સાથે લાગેલું કર્મ કયાં સુધી અનુભવ કરાવવા અસમર્થ છે?

૬. વિપાકનો નિયત સમય બદલી શકાય કે કેમ?

૭. જો બદલી શકાય એમ હોય તો એ માટે સંસારી આત્માનો કઈ જાતનો પરિણામ આવશ્યક છે?

૮. એક જાતનું કર્મ અન્ય કર્મરૂપ કયારે બની શકે?

૯. કર્મની તીવ્ર કે મંદ શક્તિ કેવી રીતે બદલી શકાય છે?

૧૦. આગળ ઉપર ઉદયમાં આવનાર કર્મ એ પહેલાં જ કયારે અને કેમ ભોગવી શકાય?

૧૧. કર્મ ગમે એટલું બળવાન હોય તો પણ એનો વિપાક શુદ્ધ આત્મિક પરિણામોથી કેવી રીતે રોકાય?

૧૨. કોઇ કોઇ વાર સંસારી આત્મા અનેક પ્રયત્ન કરે છતાં પણ કર્મનો વિપાક ભોગવાયા વિના શું છૂટતો નથી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩. સંસારી આત્મા કર્મનો કઈ રીતે કર્તા છે અને કઈ રીતે ભોક્તા છે?

૧૪. એમ હોવા છતાં વસ્તુતઃ આત્મામાં કર્મનું કર્તૃત્વ તેમજ ભોક્તૃત્વ કઈ રીતે નથી?

૧૫. સંક્લેષરૂપ પરિણામ પોતાની આકર્ષણ–શક્તિથી સંસારી આત્મા ઉપર એક જાતની સૂક્ષ્મ રજનું આવરણ કેવી રીતે નાંખે છે?

૧૬. સંસારી આત્મા વીર્યશક્તિના આવિર્ભાવદ્વારા આ આવરણ કઈ રીતે દૂર કરે છે?

૧૭. સ્વભાવે શુદ્ધ એવો આત્મા પણ કર્મના પ્રભાવથી કઇ કઈ રીતે મલિન દેખાય છે?

૧૮. બાહ્યહજારો આવરણો હોવા છતાં સંસારી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી ચ્યુત કેવી રીતે થતો નથી?

૧૯. સંસારી આત્મા પોતાની ઉત્ક્રાંતિના સમયે પહેલાં બાંધેલાં તીવ્ર કર્માને પણ કેવી રીતે દૂર કરે છે?

૨૦. જે સમયે સંસારી આત્મા પોતાનામાં વર્તતા પરમાત્મા–ભાવને જોવાને આતુર બને છે, તે સમયે એની અને અંતરાયરૂપ કર્મ વચ્ચે કેવું યુદ્ધ થાય છે?

૨૧. અંતમાં વીર્યશાળી આત્મા કઇ જાતના પરિણામો વડે બળવાન કર્મોને કમજોર બનાવી પોતાનો પ્રગતિનો માર્ગ કંટક વિનાનો બનાવે છે?

૨૨. આત્મમંદિરમાં રહેલા પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયક પરિણામ કે જેને 'અપૂર્વકરણ' અને 'અનિવૃત્તિકરણ' કહે છે એનું સ્વરૂપ શું છે?

૨૩. સંસારી જીવ પોતાના શુદ્ધ પરિણામની તરંગમાળાના વૈદ્યુતિક યંત્ર વડે કર્મરૂપ પર્વતોના કેવી રીતે ચૂરેચૂરા કરી નાંખે છે?

૨૪. કોઈ કોઈ વાર ગુલાંટ ખાઈ કર્મ જે થોડા વખતને માટે દબાઈ ગયું હોય તે પ્રગતિશીલ આત્માને કેવી રીતે નીચે પટકે છે?

૨૫. કયું કયું કર્મ બંધની અપેક્ષાએ તેમજ ઉદયની અપેક્ષાએ પરસ્પર વિરોધી છે?

૨૬. કયા કર્મનો બંધ કઈ અવસ્થામાં અવશ્યંભાવી અને કઈ અવસ્થામાં અનિયત છે?

૨૭. કયા કર્મનો વિપાક કઈ અવસ્થા સુધી નિયત અને કઈ અવસ્થામાં અનિયત છે?

૨૮. આત્મા સાથે સંબંદ્ધ અતીન્દ્રીય કર્મરજ કઈ જાતની આકર્ષણ શક્તિથી સ્થૂળ પુદ્ગલોને ખેંચ્યા કરે છે? અને એ દ્વારા શરીર, મન, સૂક્ષ્મ શરીર વિગેરે રચે છે?

પ્રશ્નાવલી ૨

૧. કર્મ એ શું છે?

૨. સંસારી જીવ અને કર્મનો સંયોગ કેવી રીતે થાય છે?

૩. એ સંયોગ ક્યારનો અને કઈ જાતનો છે?

૪. કર્મનાં દલિકના પ્રકારો કયા કયા?

૫. કર્મનાં દલિક કેવી રીતે બંધાય છે અને ઉદયમાં આવે છે?

૬. કર્મ ઉદયમાં આવે તે પહેલાં તેના ઉપર સંસારી જીવ કઈ કઇ ક્રિયાઓ કરે છે?

૭. આ વિવિધ ક્રિયાઓ કે જેને 'કરણ' કહે છે તે શું છે? અને એના કેટલા પ્રકારો છે?

૮. કર્મના બંધના શા કારણો છે?

૯. કર્મની નિર્જરાનાં કારણો અને ઈલાજો કયા છે?

૧૦. કર્મના બંધથી અને એના ઉદય આદિને લઈને સંસારી જીવની કઇં કઇ શક્તિઓ આવૃત થાય છે તેમ જ વિકસિત થાય છે?

(પેજ ૨૩ ઉપર ચાલુ)

For Private And Personal Use Only

ભવિષ્યવાણી !

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ કોઇનું ભાવિ ભાખવું અથવા કોઇને માર્ગદર્શન આપવું અથવા ગ્રહોનું ભાવફળ કહેવું એ ધંધો નહિ પણ એક વિજ્ઞાન છે. જ્યારે કોઈપણ જ્ઞાનની હાટડી મંડાય છે ત્યારે તે જ્ઞાન મટી જાય છે અને કેવળ સ્વાર્થ સાધવાની એક કલા બની જાય છે.

માનવી સંસાર જીવન વચ્ચે વસતો હોય અને સંસારનો બોજો ઉઠાવીને ચાલતો હોય ત્યારે તેની સામે નાની મોટી અનેક વિપત્તિઓ પડેલી રહે જ છે. સંસાર વચ્ચે વસનારો કોઇ પણ જીવ સર્વ વાતે દુઃખમુક્ત છે અથવા તો વિપત્તિઓથી ઘેરાયેલો નથી એમ બનતું જ નથી. આથી દરેક માણસને પોતાની વિપત્તિના ઉકેલની જિજ્ઞાસા રહેતી જ હોય છે.

૧. માનવી પોતે સ્વસ્થ હોય તો પત્ની બિમાર હોય અથવા બાળકો બિમાર હોય.

૨. માનવીને બીજી ઉપાધિ ન વળગી હોય તો પણ પૈસો પ્રાપ્ત કરવાની તમન્ના તેને વળગી જ હોય છે. ખરી રીતે વધારે ધન ક્યારે મળે ને કેવી રીતે મળે એ જાણવાની ઘેલછા ધનવાનોમાં જેટલી હોય છે તેટલી ગરીબોમાં નથી હોતી. આથી ધન સંપત્તિ પ્રાપ્ત કરવાની ચિંતા બહુધા સર્વને હોય છે.

૩. પતિ પત્ની બંને સ્વસ્થ અને સુખી હોય તો બાળક વગરનું ઘર સૂનું સૂનું જણાતું હોય છે.

૪. બાળકો કંઇક મોટા થાય અને મેટ્રીક સુધી આવે ત્યારે તે પાસ થશે કે કેમ? એ પ્રશ્નો પણ ઉભા થતા હોય છે.

૫. મા બાપ બિમાર હોય તો બહુધા તેના વયઃપ્રાપ્ત બાળકો ભાવિ જાણવા બહુ આતુર નથી હોતા....કારણ કે તેઓ પોતાના એક અલગ સંસારમાં સપડાયેલા હોય છે.

આમ ખોવાઈ ગયેલી વસ્તુ, ગુમ થયેલો સ્વજન, ચોરાઈ ગયેલી ચીજ કે એવા એવા

કર્મસિદ્ધાન્ત અંગેની પ્રશ્નાવલીઓ : (પેજ ૨૧થી ચાલુ)

૧૧. કર્મનો બંધ દઢ અને શિથિલ શાથી થાય છે?

૧૨. કર્મના બંધ અને નિર્જરાને લક્ષી સંસારી જીવ કેવી કેવી વિશિષ્ટ ક્રિયાઓ કરે છે?

૧૩. કર્મના બંધનો અને એની નિર્જરાનો આધાર શાના ઉપર છે?

૧૪. સંસારી આત્માની આંતરિક શુભાશુભ ભાવના અને દેહજનિત બાહ્ય શુભાશુભ ક્રિયા કર્મના બંધ વગેરેમાં કેવો ભાગ ભજવે છે?

૧૫. શુભાશુભ કર્મ અને તેના રસની તીવ્રતા મંદતાને લીધે આત્મા કેવી કેવી સમ અને વિષમ દશાઓ અનુભવે છે.

૧૬. અનાદિ કર્મ–પરિણામને લીધે સંસારી આત્મા કેવી કેવી પરિસ્થિતિઓમાંથી પસાર થયો છે અને થાય છે તેમ જ એ કઇ કઇ ક્રિયાઓ કરે જાય છે?

૧૭. અવિકસિત દશામાં સંસારી જીવની શી સ્થિતિ હતી?

૧૮. કઇ કઈ પરિસ્થિતિઓ એણે વટાવી અને તેમાંથી એનો વિકાસ કઇ વસ્તુના પાયા ઉપર થયો?

આમ આ લેખમાં મેં એકંદર ચાર પ્રશ્નાવલીઓનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંતની કોઈ મહત્ત્વની પ્રશ્નાવલીઓ હોય તો તે સૂચવવા તજજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક પ્રશ્નોના ઉકેલ માટે માનવી ધંધાદારી જ્યોતિષિઓનાં ઉંબરા ઘસતા હોય છે.

અને હવે તો વર્તમાન પત્રોમાં પણ સાપ્તાહિક ભવિષ્ય, માસિક ભવિષ્ય કે એવાં એવાં વિવિધ રાશીવાર ભવિષ્યનાં છપાતાં ભાવફળ વાંચનારો વર્ગ ઉત્તરોત્તર વધતો જ રહે છે.

આ તો બધું ઠીક....! ધંધાદારીની રીતે લે વેચ જેવું બનતું હોય છે....પરંતુ જ્યોતિષિઓ પોતાના જ્ઞાનની ધાક બેસાડવા માટે રાજકારણનું પલ્લું જે તરફ નમતું હોય તે તરફ ઝુકીને ભવિષ્યવાણી લલકારતા રહે છે. ગત ચૂંટણી વખતે આવી ભવિષ્યવાણીઓનો એટલો બધો મારો થયો હતો કે વાંચીને મગજ ચકડોળે ચડી જાય! કોંગ્રેસ પક્ષના જ્યોતિષિઓ કોંગ્રેસ પક્ષનો જયજયકાર ગજવતા અને વિરોધ પક્ષના જ્યોતિષિઓ વિરોધ પક્ષનો જયનાદ પોકારતા.

ભવિષ્યવાણીનું આ સ્વરૂપ માત્ર આટલેથી અટકે છે એમ નથી. કયો પ્રધાન કે કયો વડાપ્રધાન કેટલા દિવસમાં ખુરશી પરથી ફેંકાઈ જશે એ વાતના વરતારા પણ થતા રહે છે અને વર્ષાઋતુમાં અમુક દિવસે વરસાદ આવશે ને નહિ આવે એવા વરતારાથી માંડીને આંકફરકનાં આંકડા, ઘોડદોડનાં ઘોડા, ચીજ વસ્તુમાં થનારી વધઘટ, ચીનના આક્રમણની તારીખ, પાકિસ્તાનના આક્રમણની તારીખ, રશિયા કે અમેરિકાના પ્રમુખો ને પ્રધાનોનાં ભાવિ વગેરે પ્રશ્નો પણ ભવિષ્યવાણીના વિરાટ ચક્ર વચ્ચે ગુંથાઇ જતા હોય છે. લોકોને આ કોઈ સવાલોમાં સ્નાન સૂતક ન હોય છતાં વાંચે છે....રસપૂર્વક વાંચે છે!

ખરી રીતે વિચારીએ તો પુરુષાર્થની કેડી પરથી લથડી પડેલા માનસનું આ એક અતિ કરુણ ચિત્ર છે....

ભવિષ્યવાણી જે શાસ્ત્રોમાંથી પ્રગટી છે.... તે શાસ્ત્ર એક વિજ્ઞાન છે....વિજ્ઞાનનો ઉપયોગ તારવા માટે પણ થઇ શકે અને મારવા માટે પણ થઇ શકે. સાચી ભવિષ્યવાણી તો એ જ છે કે પૂર્વ કર્મનાં ફળ પ્રત્યેક જીવોને ભોગવવાં જ પડે છે....ઉત્તમ કર્મો હોય તેને સુખ મળે છે....પાપ કર્મો હોય તો તેને દુઃખ પડે છે....અને ભારતનું જ્યોતિષ વિજ્ઞાન ભૂતકાળમાં કોઇ દિવસ વેંચાયું નથી....મહા પુરુષો ત્રિકાલજ્ઞ હોવા છતાં કદી કોઇના સંસારને પોષણ મળે એવી વાણી કહેતા જ નહિ....તેઓની ભવિષ્યવાણી એક જ હતી :—

"જીવનમાં જાગૃત રહો....! કોઇનું અકલ્યાણ કરો નહિ....! હિંસાદિ દોષોથી અલિપ્ત રહો....વિપત્તિથી ગભરાઓ નહિ.... કારણ કે એ તમારા જ કર્મનું ફળ છે.... અન્ય કોઈ જીવ તમારૂં અહિત કરી શકતો નથી. સાવધ રહો....પ્રમાદથી દૂર રહો....જે જે પરિસ્થિતિ આવી હોય તેનો મુકાબલો કરો....ગભરાઇને પુરુષાર્થનો માર્ગ છોડશો નહિ...સંસારમાં કોઇપણ પ્રાણીને પડતાં દુઃખો દૂર કરવાની તાકાત કોઇ ગ્રહમાં નથી કે કોઇ જ્યોતિષિમાં નથી ધર્મને શરણે જાઓ, ધર્મ તમારૂં રક્ષણ કરશે. સંતોષ રૂપી અમૃતનું પાન કરો....એ અમૃત તમારા મનના અંધકારને દૂર કરશે....ભૌતિકસુખની ભુતાવળ પાછળ ભટકનારાઓ ત્રણ કાળમાં સુખી થયા નથી ને થશે પણ નહિ....આ સત્યને જીવનમાં પચાવો! તમારૂં ભવિષ્ય કોઇના હાથમાં નથી. તમે જેવું ઘડવા માગો તેવું ઘડી શકો છો!"

જ્યોતિષ વિજ્ઞાનની અને મહાપુરુષોની આ સાચી ભવિષ્યવાણી છે....આ સિવાયની આજની ભવિષ્યવાણી જ લોકોના માનસને રમાડનારી એક નાદાન રમત છે અથવા તો જનતા સમક્ષ પોતાના સ્વાર્થનો અંધકાર સર્જવાની એક કલા માત્ર છે!

● (કલ્યાણ માસિકમાંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાલોચના (ટાઇટલ પેજ ૨ જાતું ચાલુ)

યથાર્થ ધર્મનું સ્વરૂપ, મુમુક્ષુતાનું સ્વરૂપ, સત્સંગનું સ્વરૂપ, પરમ કૃપાળુ દેવશ્રીનાં પવિત્ર વચનો દ્વારા મુમુક્ષુઓને ઉપકારક થાય એ આ માર્ગોપદેશિકાનું હાર્દ છે. શ્રીમદ્ રાજચંદ્રજી અને શ્રી. સોભાગભાઈ વચ્ચેના પરિસંવાદ રૂપ આ લઘુ ગ્રંથની ગુંથણી થયેલ છે. આ પ્રશ્નોત્તર રૂપ રચના તત્ત્વ સમજવામાં માર્ગદર્શક થશે. મુમુક્ષુઓને આ લઘુ પ્રશ્નોત્તરી ગ્રંથ બોધરૂપ નીવડો એજ અભિલાષા.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાન મંદીર

આ. વિજય કૈલાસસાગરજી મહારાજની પ્રેરણાથી શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની લાઈબ્રેરી માટે નીચેના પુસ્તકો ભેટ મળ્યા છે તે સાભાર.

૧.	યોગનિષ્ટ આચાર્ય	બુદ્ધિસાગરસૂરીશ્વરજી
૨.	કર્મયોગ	,,
૩.	આનંદઘન પદસંગ્રહ	,,
૪.	સમ્યગ્દર્શન	
૫.	શ્રી બૃહદ્ યોગ વિધિ	દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ
૬.	યોગ વિધિ	,, ,,
૭.	તરંગવતી કથા	બુદ્ધિસાગરસૂરીશ્વરજી

નીતિ પ્રકાશનની સચિત્ર કથાઓ

સચિત્ર બોધદાયક વાર્તાઓ સરલ ભાષામાં આધુનિક ઢબથી છાપવામાં આવે છે. સને ૧૯૬૭ના છ પુસ્તકો નીલમ, આસોપાલવ, સરોજ, અમૃત, મેઘ ધનુષ્ય અને મયૂર રૂા. ત્રણ લવાજમ લઈને આપવામાં આવશે. શરૂઆતમાં ચાર પુસ્તકો આપવામાં આવશે અને પછી છેલ્લા બે પુસ્તકો આપવામાં આવશે. કારણ કે બન્ને પુસ્તકો હાલ છપાય છે. છૂટક નકલની કિંમત એક રૂા. છે. સં. ૨૦૨૪ના વર્ષથી રૂા. ૨૫ આપી આ પ્રકાશનના આજીવન સભ્ય બનશો તો આ સંસ્થાને તેની પ્રગતિની અનેક યોજનાઓનો અમલ કરવામાં આપે મોટું બળ આપ્યું જરૂર ગણાશે. માટે રૂા. ૨૫ આપી આ સંસ્થાના આજીવન સભ્ય બનો. એજ વિનંતિ. ઠેકાણું-નીતિ પ્રકાશન C/o. ૧/૩૭૮૭ મોટી દેસાઈ પોળ, સુરત.

જૈન રામાયણ

[શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર-પર્વ ૭ મું ભાષાંતર]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

* કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
* બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ૪ (પોસ્ટેજ અલગ)

લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

ત્રણ રત્નો

આર્ય દેશનો વેપારી યવન દેશમાં ગયો. યવનરાજાને નજરાણામાં વસ્ત્રો, મણિ ને રત્નો ભેટ ધર્યાં.

રત્નો તો અમૂલખ હતાં. કેટલાંક અંધારામાં અજવાળાં કરતાં, કેટલાક પાણીમાં માર્ગ કરતાં, તો કેટલાંક મૂઠીમાં રાખતાં અજબ ગરમાવો આપતાં.

યવનરાજ કહે, 'રે વેપારી તારા દેશમાં અજબ રત્નો પાકે છે. મારા દેશમાં તો ફક્ત ડુંગળી પાકે છે. મારે તારો દેશ જોવો છે.

આર્ય વેપારી ને યવનરાજ ભારતમાં આવ્યા. અહીં આખું ઝવેરી બજાર હતું.

ભાતભાતનાં રત્નો હતાં. યવનરાજ તો એક જુએ ને એક ભૂલે.

રત્નોનો દાબડો લઇને બેઠેલા એક ઝવેરીએ એકાએક દાબડો બંધ કર્યો, ને કહ્યું, 'રે! વનમાં મહાઝવેરી આવ્યા છે. મારે ત્યાં જવું છે. અજબ અજબ રત્નો તેમની પાસે છે.'

યવનરાજ તેની સાથે મહાઝવેરીને જોવા વનમાં આવ્યો, ત્યારે જોયું તો એક સાવ વસ્ત્ર વગરનો માણસ બેઠેલો, પણ એની વાણી સાકર-શેરડી જેવી મીઠી હતી.

યવનરાજ કહે, 'આ તમારો મહાઝવેરી? એની પાસે તો પહેરવા કપડાંય નથી.'

વેપારી કહે, 'તમે ચાલો ને પરિચય કરો. મહારત્નોનો એ ઝવેરી છે.'

યવનરાજે તો જઇને પ્રભુ મહાવીરને પ્રશ્ન કર્યો, 'આપની પાસેનાં રત્નો બતાવશો?'

'મારી પાસે અનેક રત્નો છે, એમાં ત્રણ રત્નો તો અજબગજબ છે. પહેલાં રત્નનું નામ છે જ્ઞાન. એનાથી સારું શું અને ખોટું શું એની સમજ પડે છે.

'બીજા રત્નનું નામ છે શ્રદ્ધા. સારું જાણ્યું, ખોટું જાણ્યું, પણ તે વાત પર શ્રદ્ધા થાય તો કામ થાય. માટે એ રત્નનું નામ શ્રદ્ધારત્ન છે.

'ત્રીજા રત્નનું નામ છે કાર્યરત્ન. જ્ઞાન થયું, શ્રદ્ધા બેઠી, પણ જો આચરણ ન કર્યું તો નકામું. આ કાર્યરત્ન તમને આચરણ કરવા પ્રેરે છે.'

યવનરાજ કહે, 'અદ્ભુત છે આ રત્નો! મારે એ સ્વીકાર્ય છે. મને દીક્ષા આપો.'

જ્ઞાન, દર્શન ને ચારિત્ર—આ ત્રણ રત્નો કિરાતરાજને અપૂર્વ મળ્યાં. એનો બેડો પાર થઈ ગયો.

(શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા સ્મરણિકામાંથી)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only